## કલમ – ૪(૧)(બી)(૨)

**પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલનાં અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો**

**કેડરવાઈઝ કામગીરીનું પત્રક**

| | |
|---|---|
| (૧) કાર્યપાલક ઈજનેર (પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ) | સમગ્ર ખાતાનાં તાબાના તમામ ઈજનેરી તથા કલેરીકલ વિભાગનું સંચાલન, ખાતાને સંલગ્ન તમામ કામગીરીઓના વહીવટી વડા. |
| (૨) ડે. ઈજનેર (સિવીલ) | સુરત શહેર વિસ્તારમાં મ્યુનિ. મુખ્ય કચેરી તથા સ્પે. પ્રોજેકટો તેમજ સ્મીમેર મેડીકલ કોલેજ કેમ્પસમાં હોસ્પિટલ/ હોસ્ટેલ બિલ્ડીંગના પ્રોજેકટ વર્ક અને એક્ષટેન્શનનાં કામો, નિભાવ મરામત અને નવા બિલ્ડીંગના પ્લાનીંગ, માસ્ટર પ્લાનની કામગીરી તેમજ શહેર વિસ્તારમાં સ્વીમીંગપુલ વીથ જીમ, ઓડીટોરીયમ, આઉટડોર સ્ટેડીયમ, અમેઝીયા વોટર પાર્ક, ગાંધી સ્મૃતિ ભવનના નવ નિર્માણ વિગેરેની કામગીરી તેમજ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે ઓફિસોની ફાળવણીની કામગીરી. વધુમાં DAY-NULM સ્કીમ અંતર્ગત ઘર વિહોણા શહેરીજનો માટે શેલ્ટર ફોર અર્બન હોમલેસ માટે તમામ ઝોન સાથે સંકલિત આયોજન કરવું તેમજ SUSV સ્કીમ હેઠળ વેજીટેબલ માર્કેટના આયોજન તમામ ઝોન સાથે સંકલન કરવાનું કામ તેમજ ડે.ઈજનેરથી નીચેની કક્ષાનાં કર્મચારીઓ પાસે ખાતાને લગતી તમામ પ્રકારની કામગીરી કરાવવાનું કામ.<br>સ્મીમેર કેમ્પસ ખાતે ફાયર સેફટી અપગ્રેડેશનની કામગીરી. સ્મીમેર મેડીકલ કેમ્પસને લગતી નવું ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ કરવાની તથા કેમ્પસનું સીવીલ મેઈન્ટેનન્સ કરવાની કામગીરી. |
| ડે.ઈજનેર (ઈલે.) | (૧) સુરત મહાનગર વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાના પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ ધ્વારા સાકારિત કરવામાં આવી રહેલ વિવિધ પ્રકલ્પોના ઈલેકટ્રીફીકેશન – HVAC – ELV ને લગતી કામગીરીઓ તાબા હેઠળના કર્મચારીઓ મારફતે કરાવવાની તથા તેના સંચાલનની જવાબદારી.<br>(૨) પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ ધ્વારા સાકારિત કરવામાં આવનાર ભવિષ્યના પ્રકલ્પોને લગતી ઈલેકટ્રીફીકેશન – HVAC – ELV વિગેરેને લગતી કામગીરીઓ માટેના અંદાજ, ડિઝાઈન વિગેરેની ચકાસણી કરી/કરાવવાની જવાબદારી.<br>(૩) સુરત મહાનગરપાલિકા ધ્વારા સંચાલિત સ્મીમેર મેડીકલ કોલેજ અને હોસ્પિટલ ખાતેની HT અને LT ઈલેકટ્રીકલ સિસ્ટમો,એ.સી.મશીન્સ, વોટર કુલર્સ, સીસીટીવી, IPABX સિસ્ટમ વિગેરેના નિભાવ, મરામત માટે |

| | |
|---|---|
| | આપવામાં આવેલ કોન્ટ્રાકટને તેમના તાબા હેઠળના કર્મચારીઓ પાસે નિભાવ કરાવવાની જવાબદારી. |
| (૩) આસી.ઈજનેર/ જુની.ઈજનેર (સિવીલ) | સ્મીમેર મેડીકલ, કોલેજ કેમ્પસ તથા સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતેની મિલ્કતોના તેમજ સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં વિવિધ ઝોનોમાં સ્વીમીંગ પુલ, ઓડિટોરીયમની કામગીરી અર્થે નવા પ્રોજેકટોનાં અંદાજો/ નકશા તૈયાર કરવા તેમજ મંજુર થયેલ ઠરાવ મુજબ ટેન્ડરો બહાર પાડી ટેન્ડર મંજુર થયેથી કોન્ટ્રાકટ સોંપવાથી થઈ સ્થળ પર કામગીરી શરૂ કરવા તેનું રોજ રોજ સ્થળ પર તપાસ કરી સિવિલ કામગીરીની દેખરેખ/ કોન્ટ્રાકટરોને પેમેન્ટ ચૂકવવા અંગેની કામગીરી તેમજ સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરાવી ફાયનલ બીલ બનાવી ઈજારદારોને ચૂકવવાથી ઓડીટ સુધીની કામગીરી તેમજ ઈન્ફ્રાસ્ટ્રકચરનાં સ્પેશયલ પ્રોજેકટો, સ્મીમેરના તમામ કેપીટલ અને તમામ મરામત – નિભાવવાના કામો, વોટર પ્લાઝા, સ્પોટર્સ ફાઉન્ડેશન, DAY-NULM સ્કીમ અંતર્ગત શેલ્ટર/ Vending Market ના કામો તેમજ કેપીટલ તથા જાળવણીનાં કામોનાં સંકલન તેમજ વાઈબ્રન્ટ ગુજરાત, પુસ્તક મેળો, અન્ય મેળા તેમજ કાનબાઈ માતા, દશામાં તેમજ ગણેશ વિસર્જનને લગતી તમામ કામગીરીનું સંકલન, સ્મીમેર કેમ્પસ ખાતે માસ્ટર પ્લાન અંતર્ગત નવું ઈન્ફ્રાસ્ટ્રકચર ઉપલબ્ધ કરાવવાની કામગીરી. |
| (૪) આસી.ઈજનેર / જુની .ઈજનેર (ઈલે.) | (૧) પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ ધ્વારા સુરત મહાનગર વિસ્તારમાં સાકારિત કરવામાં આવી રહેલ વિવિધ પ્રકલ્પોના ઈલેકટ્રીફીકેશન, HVAC, ELV વિગેરે કામગીરીઓ નું ઈમ્પ્લીમેન્ટેશન તથા તેના સીધા સુપરવિઝનની જવાબદારી.<br>(૨) પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ ધ્વારા ભવિષ્યમાં સાકારિત કરવામાં આવનાર વિવિધ પ્રકલ્પોને લગતી ઈલેકટ્રીફીકેશન, HVAC, ELV વિગેરે કામગીરીના અંદાજો, ડિઝાઈન વિગેરેની સીધી ચકાસણી કરવાની જવાબદારી.<br>(૩) સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર મેડીકલ કોલેજ તથા હોસ્પિટલ કેમ્પસની વિવિધ HT અને LT ઈલેકટ્રીકલ સિસ્ટમો, AC સિસ્ટમ, ELV સિસ્ટમ વિગેરેના નિભાવ તથા મરામતની કામગીરી તથા તે માટે સોંપવામાં આવેલ ઈજારાના ઈજારદારો મારફતે થતી કામગીરીનું સીધુ સુપરવિઝન તથા તાબા હેઠળના કર્મચારીઓ (મેઈન્ટેનન્સ આસીસ્ટન્ટ અને ઈલેકટ્રીકલ સુપરવાઈઝર) પાસે ઉપરોકત કામગીરીઓ કરાવવાની જવાબદારી. |

| | |
|---|---|
| (૫) સુપરવાઈઝર (સિવીલ) | સુરત મહાનગરપાલિકાના આસી./જુની.ઈજનેરશ્રીઓના સીધા માર્ગદર્શન હેઠળની કામગીરી જેમાં સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ સ્વીમીંગપુલોની વીઝીટ લઈ હયાત સ્વીમીંગ પુલોનાં મરામત નિભાવની કરાવવા જોગ કામગીરીની યાદી તૈયાર કરી, સબંધિત ઝોન સાથેનાં સંકલનમાં રહી, ઝોન મારફત બાકી રહેલ તમામ મેઈન્ટેનન્સની કામગીરી પૂર્ણ કરાવવાની કામગીરી, સ્મીમેર કેમ્પસમાંથી પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલમાં થતી મૌખિક / લેખિત ફરિયાદો અન્વયે સ્થળ તપાસ કરી તેને આનુસાંગિક આગળની કાર્યવાહી કરવાની કામગીરી, પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ/સ્મીમેર ખાતે ચાલતાં ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટના કામોના સુપરવીઝનની કામગીરી તેમજ સિવિલ કામોના સ્ટીલ, સિમેન્ટ વિ. તમામ રજીસ્ટર નિભાવવાની કામગીરી. |
| (૬) મેન્ટેનન્સ આસી. (ઈલે) ઈલેકટ્રીકલ સુપરવાઈઝર | પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ હેઠળના વિવિધ પ્રકલ્પોના ઈલેકટ્રીકલ, AC, ELV વિગેરે કામોનું સીધુ સુપરવિઝન, તાબા હેઠળના કર્મચારી (વાયરમેન) પાસે કરાવવાજોગ વિવિધ કામગીરીઓની જવાબદારી, ફાઈલો માટેનું રીપોર્ટીંગ તથા સંકલન, મેઝરમેન્ટ, બીલ પ્રિપેરેશન વિગેરે જવાબદારી. |
| (૭) ટેક. આસી. | સુરત મહાનગરપાલિકાના આસી./જુની.ઈજનેરશ્રીઓના સીધા માર્ગદર્શન હેઠળની કામગીરી જેમાં ખાતા હસ્તકનાં પ્રોજેકટોની સ્થળ પર દેખરેખ રાખવાની, માલ–સામાન રજીસ્ટર જેવા કે સીમેન્ટ, સ્ટીલ ઈનકમીંગ તથા વપરાશ રજીસ્ટર વિ. તમામ રજીસ્ટર મેઈન્ટેઈન કરવાની કામગીરી તથા મરામત – નિભાવનાં કામમાં દેખરેખ રાખવાની કામગીરી તથા સ્મીમેર કેમ્પસમાં મેઈન્ટેનન્સને લગતી થતી ફરિયાદો અન્વયે સ્થળ તપાસ કરી તેને આનુસાંગિક કાર્યવાહી કરાવવાની કામગીરી. |
| (૮) આસી. એકાઉન્ટન્ટ | ખાતાનાં રેવન્યુ કેપીટલ તથા પર્સનલ એડવાન્સનાં બીલો તેમજ કેપીટલ તથા રેવન્યુ બજેટ તૈયાર કરવાની કામગીરી. |
| (૯) પ્રથમ શ્રેણી કલાર્ક | દરેક પ્રકારની વહીવટી માહિતી તૈયાર કરાવવી તેમજ પર્સનલ એડવાન્સની કામગીરી તથા RTI ની માહિતી તૈયાર કરાવવી, વિવિધ સમિતિમાં દરખાસ્ત મોકલવાની કામગીરી તેમજ કલેરીકલ કામગીરી વ્યવસ્થિત કરાવવાની જવાબદારી તેમજ ઉપલા અધિકારીશ્રી ધ્વારા મળતી સુચના મુજબની કામગીરી. |
| (૧૦) સીની. કલાર્ક | એસ્ટા. ને લગતી તમામ કામગીરી, મ્યુ.સ્ટોર તથા મ્યુ.પ્રેસને લગતી તમામ કામગીરી. |

| | |
|---|---|
| (૧૧) ત્રીજી શ્રેણી કલાર્ક | ઈનવર્ડ – આઉટવર્ડની કામગીરી, કેપીટલ/રેવન્યુ બીલો બનાવવાની કામગીરી તથા તે અંગેના રજીસ્ટર મેઈન્ટેઈન કરવાની કામગીરી તેમજ એસ.ડી./ ઈ.એમ.ડી. તથા ભરણાંને લગતી તમામ કામગીરી. |
| (૧૨) પટાવાળા | ખાતાની ટપાલ વહેંચવાની તેમજ ખાતાની સાફ–સફાઈ તથા સ્ટાફનાં હુકમ અનુસાર કરવાની કામગીરી. |
| (૧૩) બેલદાર – કાયમી | ખાતાની ટપાલ વહેંચવાની તેમજ ખાતાની તથા મેઈન બિલ્ડીંગની સાફ–સફાઈ તથા સ્ટાફનાં હુકમ અનુસાર આઉટ ડોર કામગીરી જેવી કે સ્વીમીંગ પુલમાં, સ્મીમેરમાં વિગેરે. |
| (૧૪) સફાઈ કામદાર | સાફ–સફાઈ તથા સ્ટાફના હુકમ અનુસાર કામગીરી. |